# પંચમહાલ જીલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલા કમિશનરશ્રી એચ.એ.મકા સાહેબ સમક્ષ,ગોધરા.

**કામદાર વળતર(ફેટલ)અરજીનં.૧૧/૨૦૧૫**
**આંક : ૧૦**

**અરજદાર:** ગુજરનાર ગુમાનસિંહ કિરણ સિંહ જાદવના વારસદાર પત્ની
કૈલાશબેન ગુમાનસિંહ જાદવ
રહે.ગણેશનગર,પનોરમા ચોકડી પાસે,
દુણીયા,તા.હાલોલ,જી.પંચમહાલ.

**:: વિરુધ્ધ ::**

**સામાવાળા :** ૧. રીઝવાનભાઈ વલીભાઈ મુલતાણી
૬૧૯,જી.આઈ.ડી.સી.એસ્ટેટ,
એક્ષસાઈઝ ઓફીસ પાછળ,
હાલોલ,જી.પંચમહાલ.

૨. એશીયન મોઝેક ટાઈલ્સ
૬૧૯,જી.આઈ.ડી.સી.એસ્ટેટ,
એક્ષસાઈઝ ઓફીસ પાછળ,
હાલોલ,જી.પંચમહાલ.

**હાજર રહયા:**

અરજદાર તરફે :- વિધ્વાન વકીલશ્રી અરવિંદસિંહ એન.ગોહીલ

સામાવાળાઓ તરફે :- કોઈ હાજર થયેલ નથી.

**:: હુકમ ::**

**(૧)** સદર અરજી આ કામના અરજદારોએ કામદાર વળતર ધારો-૧૯૨૩ કે જે હવે કર્મચારી વળતર ધારો-૧૯૨૩(જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે) થી ઓળખાય છે તેની જોગવાઈઓ હેઠળ દાખલ કરી ગુજરનાર ગુમાનસિંહ જાદવના અકસ્માત મૃત્યુના વળતરની રકમ રૂા.૩,૪૧,૨૦૮/- તેમજ ૫૦% પેનલ્ટી સહિત વસુલ અપાવવા માટે દાદ માંગેલી છે.

અરજદારોએ તેમની અરજીમાં જણાવેલ છે કે ગુજરનાર ગુમાનસિંહ જાદવ સામાવાળાનં.૧ ની કંપનીમાં છેલ્લા ૯ વર્ષથી ટાઈલ્સને મશીનથી ઘસીને ફીનીશીંગ કરવાનું એટલે કે મશીન ઓપરેટર તરીકે નોકરી કરતા હતા. તા.૨૬/૦૫/૨૦૦૮ ના રોજ નોકરીમાં હાજર હતા તે સમયે ટાઈલ્સ ઘસતી વખતે ટાઈલ્સ પરનો કચરો તેમના હાથે અને પગે અને શરીરે ચોટતા ગુજરનાર સામાવાળાનં.૧ ની કંપનીના બાથરૂમમાં નાહવા માટે ગયેલ હતા તે દરમ્યાન સામાવાળાનં.૧ ની એશીયન મોઝેક ટાઈલ્સ કંપનીની પ્રીમાઈસીસમાં કંપનીએ વિજ સુરક્ષા નહી રાખવાના કારણે સામાવાળાનં.૧ ની કંપનીની બિનકાળજીને લીધેલ અરજદારના પતિને વિજ કરંટ લાગતા સામાવાળાનં.૧ ની કંપનીની પ્રીમાઈસીસમાં મૃત્યુ થયેલ. જેથી ગુજરનારની અકસ્માત સમયે ઉંમર ૩૭ વર્ષ તથા માસીક પગાર રૂા.૩૬૦૦/– હોઈ પગારના ૫૦% રકમ સાથે ગુણતા અકસ્માત મૃત્યુના વળતરની રકમ રૂા.૩,૪૧,૨૦૮/– તથા ૫૦% પેનલ્ટી સહિત વસુલ અપાવવા માટે દાદ માંગેલી છે.

(૨) સામાવાળાઓ તરફે કોઈ જવાબ રજુ ન થતા અરજદારની આંક–૬ ની અરજી હેઠળ હુકમ કરી સામાવાળાઓનો જવાબ રજુ કરવાનો હકક આથી બંધ કરવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામે આંક–૦૭ થી મુદ્દા ઘડવામાં આવેલ છે. આ કામે અરજદારોએ આંક–૮ ના લીસ્ટથી નિ.૮/૧ થી ગુજરનારના મરણના પ્રમાણપત્રની નકલ, નિ.૮/૨ થી પેઢીનામાની નકલ તથા નિ.૮/૩ થી એશીયન મેજીક ટાઈલ્સ આપેલ દાખલાની નકલ રજુ કરેલ છે.

(૩) ત્યાર બાદથી હાલનુ કામ અરજદારના પુરાવા માટે ચાલી આવેલ છે અને અરજદાર છેલ્લા ઘણા સમયથી અદાલતમાં હાજર રહેતા ન હોય કે પોતાનો પુરાવો રજુ કરતા નથી. આ કામના અરજદારની અરજી ધ્યાને લેતા આ કામના અરજદાર ધ્વારા તેઓના પતિનું સામાવાળાઓની સંસ્થામાં કામ કરતી વખતે અકસ્માત મૃત્યુ પામેલ હોઈ તેનુ વળતર મેળવવા માટે હાલની અરજી કરેલ છે તેમ છતાં તેઓ ધ્વારા અરજી દાખલ થયા બાદ લાંબા સમયથી હાજર રહેલ નથી કે પોતાનો પુરાવો રજુ કરેલ નથી. વધુમાં અરજદાર તરફે તેઓની હાલની અરજીના સમર્થનમાં કોઈ મૌખિક પુરાવા એટલે કે તેઓના પતિનું નોકરીના સમય દરમ્યાન અકસ્માત મૃત્યુ થયેલ હોય તેવુ પુરવાર કરવા માટે કોઈ મૌખિક પુરાવો આપેલ નથી. આ ઉપરાંત પણ તેઓ ધ્વારા કોર્ટમાં હાજર રહી પોતાનો મૌખિક પુરાવો પણ આપેલ નથી. તેવા સંજોગોમાં યોગ્ય પુરાવાના અભાવે અરજદારની અરજી મંજુર થઈ શકે તેમ જણાતુ નથી અને તેઓ ધ્વારા હાજર રહી પુરાવો રજુ કરેલ ન હોય તેઓને એક તક આપવા માટે અદાલત ધ્વારા ઈન્ટીમેશન નોટીસ પણ કાઢવામાં આવેલ છે જે નોટીસ વગર તેઓને બજી ગયા અંગેની એકનોલેજમેન્ટ પણ રજુ થયેલ છે તેમ છતાં અરજદાર ધ્વારા હાજર રહી કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા

રજુ કરેલ ન હોઈ અરજદારને તેઓની અરજી ચલાવવામાં રસ રહેલ ન હોઈ આ તમામ કારણોસર અરજદારની અરજી મંજુર કરવાપાત્ર જણાતી ન હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની હાલની અરજી તેઓની ગેરહાજરી તથા પુરાવા રજુ કરાવાની કસુરના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ જાહેર કર્યો.

**તા.૦૩.૧૧.૨૦૨૩**
**ગોધરા.**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
***કોડ નં.GJ01459***
**કમિશનર(જુ.ડી.)**
**કર્મચારી વળતર ધારો,**
**મજુર અદાલત,ગોધરા.**